| PUBLICATION NAME : | Gujarat Pranam |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 15/10/24 |
| PAGE : | 2 |

# ઈડીઆઈઆઈમાં સર્કુલર ઈકોનોમી, સસ્ટેનેબિલિટી અને એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ પર આંતરરાષ્ટ્રીય કાર્યક્રમની શરૂઆત

અમદાવાદ ૧૩મી નવેમ્બર, ૨૦૨૪ : ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા (ઈડીઆઈઆઈ) અમદાવાદ દ્વારા ૬ નવેમ્બર ૨૦૨૪થી સર્કુલર ઈકોનોમી, સસ્ટેનેબેલિટી અને એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ પર પ્રથમ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ આઈટીઈસી (ઈન્ડિયન ટેકનિકલ અને ઈકોનોમિ કો-ઓપરેશન) દ્વારા સમર્થિત છે.

આ કાર્યક્રમ ૧૯મી નવેમ્બર, ૨૦૨૪ સુધી ચાલુ રહેશે. આ કાર્યક્રમમાં સરકારી મંત્રાલયો અને વિવિધ વિભાગોનું પ્રતિનિધિત્વ કરનાર ૨૨ દેશોમાંથી ૨૮ સહભાગીઓ આંત્રપ્રિન્યોરશીપ, સસ્ટેનેબિલીટી તેમજ ઈકોનોમી ગ્રોથના મહત્વના વિષયો પર વિસ્તુત ચર્ચા કરશે.

આ અંગે વાત કરતા ઈડીઆઈઆઈ પ્રોગ્રામ ડાયરેક્ટર તેમજ ફેકલ્ટી ડૉ. રાજેશ ગુપ્તાએ જણાવ્યું હતુ કે, સર્કુલર ઈકોનોમી અને સસ્ટેનેબલ પ્રેક્ટિસ વિશ્વભરના દેશોની રૂચીને આકર્ષિત કરી રહી છે.